ક્રમાંકઃ-મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૪૮૩-૧૭

ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે.
ગાંધીનગર. તા. ૧૯/૦૭/૨૦૧૯.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય.

**વિષયઃ-** આગામી સ્વાતંત્ર્ય દિને વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવા બાબત.

**સંદર્ભઃ-** ૧. કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના પત્રક્રમાંકઃ-માધ્ય/પરચ/૨૦૧૯/૨૦૪૦૦, તા.૧૭/૦૭/૨૦૧૯ના પત્ર અન્વયે.

૨. અગ્ર મુખ્ય વનસંરક્ષકની કચેરીના પત્રક્રમાંકઃ-સાવયો/ટે.પ/બ/૨૬૧૫૫૩/૨૦૧૯-૨૦, તા.૧૧/૦૭/૨૦૧૯

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત રાજ્યની તમામ પ્રાથમિક, માધ્યમિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં ચાલુ વર્ષે એક કરોડ જેટલા વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક આપેલ છે. આગામી તા.૧૫/૦૮/૨૦૧૯ના સ્વાતંત્ર્ય પર્વ દિને આ સંકલ્પને પાર પાડવા માટે રાજ્યભરની તમામ સરકારી, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ શાળાના વિદ્યાર્થીઓ મારફતે પ્રત્યેક વિદ્યાર્થી દીઠ એક વૃક્ષ વાવવાનું નક્કી કરવામાં આવેલ છે.

આ અંગે અગ્ર મુખ્ય વનસંરક્ષક કમિશનરશ્રી દ્વારા રાજ્યના તમામ વનસંરક્ષક અધિકારીશ્રીઓને નજીકની નર્સરીઓમાંથી જરૂરી રોપાઓ શિક્ષણ વિભાગને પુરા પાડવા પત્ર કરેલ છે. જે સંદર્ભ-૨ પત્રની નકલ આ સાથે મોકલી આપવામાં આવે છે. કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી દ્વારા પણ આપને આ અંગે સમયાંતરે સૂચનાઓ આપેલ છે.

ઉક્ત વિગતે શાળાના વિદ્યાર્થીઓમાં પર્યાવરણ સંરક્ષણ માટેની સમજ કેળવાય પર્યાવરણના સંવર્ધન માટેના પ્રસાર-પ્રચાર અંગે જાગૃતી આવે તે માટે આપના તાબા હેઠળની તમામ શાળાઓમાં વૃક્ષારોપણની કામગીરી માટે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપશો. ખાસ કરીને ખાનગી શાળાઓ (સ્વનિર્ભર)માં પણ અસરકારક કામગીરી થાય તે અંગે આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરશો. આ અંગે અગ્રતાના ધોરણે તાત્કાલિક કામગીરી કરવા જાણ કરવા વિનંતી છે.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ :- ઉપર મુજબ.

**જા. નં. ...૨/૧૦૫૭૭**
**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,**
**જિલ્લા સેવા સદન-૨, બ્લોક,**
**ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.**
**તા.: ૨/૮/૨૦૧૯**

તાત્કાલિક

ક્રમાંકઃ સાવયો/ટે.૫/બ/2615-53/૨૦૧૯-૨૦
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,
સામાજિક વનીકરણ, ગુજરાત રાજય,
અરણ્યભવન, સેકટર-૧૦/એ.
બી-બ્લોક, બીજો માળ,
ગાંધીનગર, તા.૧૧.૦૭.૨૦૧૯

વિષયઃ ૭૦મા વન મહોત્સવ નિમિતે રાજ્યની તમામ શાળાઓમાં વૃક્ષારોપણ કરવા બાબત.

ઉપરોકત વિષયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગ તરફથી રાજયની તમામ શાળાઓમાં વિધાર્થી દીઠ એક રોપા લગાવવા તથા તેનો ઉછેર કરી મોટા વૃક્ષ તૈયાર કરવાનો નિર્ણય લીધેલ છે(નકલ સામેલ છે). જેના માટે આયોજિત કાર્યક્રમ મુજબ નજીકની નર્સરીઓમાંથી જરૂરી રોપાઓ પૂરા પાડવાના થાય છે. જેથી જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીના સંપર્કમાં રહી, તમામ શાળાઓમાં વ્યવસ્થિત અને સફળતાપૂર્વક વન મહોત્સવ દરમ્યાન વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવે તથા આ બાબતે શિક્ષણ વિભાગના અધિકારીશ્રી તથા શાળાના આચાર્યશ્રી વિગેરેને પૂરતુ માર્ગદર્શન મળી રહે, તે અંગે અગ્રતાના ધોરણે તાત્કાલિક કાર્યવાહી કરવી.

અગ્ર મુખ્ય વન સંરક્ષક
સામાજિક વનીકરણ

પ્રતિ,

૧. અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,
સામાજિક વનીકરણ વર્તુળ, અમદાવાદ.

૨. મુખ્ય વન સંરક્ષકશ્રી,
ગાંધીનગર/કચ્છ વન વર્તુળ.

3. વન સંરક્ષકશ્રી,
સામાજિક વનીકરણ વર્તુળ, ભરૂચ, મહેસાણા, ગોધરા, રાજકોટ

નકલ સવિનય રવાનાઃ સચિવશ્રી,(પ્રાથમિક અને માધ્યમિક) શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫, ૭ મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

નકલ રવાનાઃ નિયામકશ્રી, કમિશનરેટ ઓફ સ્કુલસ, ગર્વમેન્ટ ઓફ ગુજરાત, બ્લોક નં. ૯, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ રવાનાઃ નાયબ વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ વિભાગ, તમામ તરફ જરૂરી કાર્યવાહી સારૂ.

Scanned by CamScanner